# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) ભારતીય કપાસ નિગમ લિમિટેડ- CCI કપાસ પકવતા ખેડૂતો પાસેથી પહેલી ઓક્ટોબરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરશેઃ નોંધણીનો પ્રારંભ થયો
2) અમદાવાદ સહિત રાજ્યના ચાર મહાનગરોની **ટ્રાફિકની સમસ્યા ઉકેલવાની જવાબદારી પોલિસ અને મ્યુનિસિપલ કમિશનરને સોંપાઇઃ નિયમિત અહેવાલ રજૂ કરવા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની તાકીદ**
3) ગીરના સિંહોનાં રક્ષણ માટે કેન્દ્ર સરકારે ગીર અભયારણ્યની આસપાસના 1 લાખ 84 હજાર હેક્ટર વિસ્તારને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યો
4) રાજ્યમાં નાના અને મધ્યમ ઉદ્યોગો સોલર પાર્ક, વિન્ડપાર્ક અથવા હાઇબ્રીડ પાર્ક ડેવલપ કરી શકશે.
5) રાજ્યનાં મોટાં ભાગનાં જિલ્લામાં વરસાદી માહોલઃ 125 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CCI -COTTAN REGISTRATION

ભારતીય કપાસ નિગમ લિમિટેડ- CCI કપાસ પકવતા ખેડૂતો પાસેથી આગામી પહેલી ઓક્ટોબરથી ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરશે.આ માટે ખેડૂતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે. નોંધણી માટે, ખેડૂતો નજીકના ખરીદ કેન્દ્રનો સંપર્ક કરી શકશે.

આ ઉપરાંત ખેડૂતો મોબાઇલ એપ્લિકેશન કોટ-એલી અને નિગમની વેબસાઇટ www.cotcorp.org.inની મુલાકાત લઈ શકે છે.વધુ માહિતી માટે ખેડૂતો અમદાવાદ ખાતેની શાખાનો સંપર્ક કરી શકે છે તેમ નિગમની યાદીમાં જણાવાયું છે.

---

- અપર્ણા ખૂંટ, કરણ

-(NAVIN)

# GUJARAT Traffic

**રાજ્યના મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ટ્રાફિકની સમસ્યા ઉકેલવા જે-તે શહેરના મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરને જવાબદારી સોંપવામાં આવી છે.** ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહાનગરોનાં પોલીસ અને મ્યુનિસિપલ કમિશનરને સ્થળ મુલાકાત કરવા સૂચના આપી હતી તેમજ નાયબ પોલીસ કમિશનર અને મહાનગર પાલિકાના ઝોનલ અધિકારીઓને દર 15 દિવસે બેઠક કરીને ટ્રાફીકના પ્રશ્નોની સમસ્યાના ઉકેલ માટે તાકીદ કરી હતી.

ગઇ કાલે **અમદાવાદ શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ માટે યોજાયેલી બેઠકમાં શ્રી સંઘવીએ** દર મહિને આ ચારેય મહાનગરના પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરને મિટીંગ કરવાની તેમજ દર બે મહિને શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવઅને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ કક્ષાએ સમીક્ષા બેઠક યોજીને અહેવાલ રજૂ કરવા સૂચના આપી છે.

દરમિયાન શ્રી સંઘવીએ **અમદાવાદ ખાતે નવી પોલીસ કમિશ્નરની કચેરીની અને નવનિર્મિત જોઇન્ટ ઇન્ટ્રોગેશન સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. આ પ્રકારનું ઇન્ટ્રોગેશન સેન્ટર રાજ્યમાં પ્રથમવાર નિર્માણ થવા જઈ રહ્યું છે જેની કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. 3 ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા અમદાવાદ પોલીસ કમિશનરની નવી કચેરીનું ઉદ્દઘાટન કરશે અને જોઇન્ટ ઇન્ટ્રોગેશન સેન્ટરનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરશે.**

---------------------------------------------------------------------

- -યાદી અનિલ

-(NAVIN)

# GIR ECO SENSITIVE ZONE

ગીરના સિંહોના રક્ષણ માટે કેન્દ્ર સરકારે ગીર આસપાસના કુલ 1.84 લાખ હેક્ટર વિસ્તારને ઇકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યો છે. આ ગીર રક્ષિત વિસ્તારના ફરતે ત્રણ જિલ્લાના કુલ 196 ગામ તેમજ 17 નદીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત નવીન ઝોનમાં જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારનો સમાવેશ થાય છે. આ ઝોનમાં 24 હજાર હેક્ટરથી વધુ વન વિસ્તાર તેમજ 1.59 લાખ હેક્ટર બિન જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે. આ અંગે સરકારે બહાર પાડેલા જાહેરનામા અનુસાર ઇકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર સૌથી ઓછામાં ઓછુ 2.78 કિ.મી. અને વધુમાં વધુ 9.50 કિ.મી. રાખવામાં આવ્યું છે.

આ અંગે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું કે ઇકો સેન્સિટિવ ઝોન નક્કી થવાથી સ્થાનીક વિકાસ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને વેગ મળશે.

---

\- રીપીટ

# Energy windpark

રાજ્યમાં નાના અને મધ્યમ ઉદ્યોગો સોલર પાર્ક, વિન્ડપાર્ક અથવા હાઇબ્રીડ પાર્ક ડેવલપ કરી શકશે. વર્ષ 2030 સુધીમાં ભારતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા 500 ગિગાવોટ તેમજ ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા 100 ગિગાવોટ સુધી પહોંચડવામાં આ નિર્ણય મહત્વપૂર્ણ પૂરવાર થશે તેમ રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું. વધુમાં તેમણે ઉમેર્યું કે આ નિર્ણયથી અંદાજિત 300 મેગાવોટના પ્રોજેક્ટ કાર્યાન્વિત થઈ શકશે અને આગામી ચાર વર્ષમાં જાહેર ઉપયોગમાં બે ગીગાવૉટના નવા પ્રોજેક્ટ પણ કાર્યરત થશે. જેનાથી અંદાજિત એક લાખ જેટલા પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે. આ નિર્ણય અંગે શ્રી દેસાઇએ વધુ માહિતી આપીઃ

Byte Kanu bhai desai

---

- માહિતી ખાતુ –અનિલ

-(NAVIN)

# Rain Overall-1

રાજ્યમાં ગઈ કાલથી વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. ગઈ કાલે સવારે છ વાગ્યાથી રાત્રિનાં 10 વાગ્યા સુધીમાં રાજ્યનાં 125 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ સવા પાંચ ઇંચ વરસાદ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં પડ્યો હતો. સુરત શહેર અને વડોદરા તાલુકામાં ત્રણ-ત્રણ ઇંચ, નવસારી તથા પ્રાંતિજ તાલુકામાં અઢી ઇંચ અને સુરત જિલ્લાનાં માંડવી તથા નવસારીના ગણદેવી તાલુકામાં બે-બે ઇંચ વરસાદ પડ્યો હતો. ઉમરપાડામાં રાત્રિનાં 8થી 10 વાગ્યા દરમિયાન જ ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો.

અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં ગઈકાલે સાંજે ભારે પવન સાથે બે કલાક સુધી ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, શહેરમાં રાત્રે 10 વાગે ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. ભાવનગર શહેર ઉપરાંત ગ્રામ્ય પંથકમાં પણ રાત્રે વરસાદી માહોલ હતો.

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, ગઈ કાલે લખતર શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લાંબા વિરામ બાદ મેઘરાજાનુ આગમન થયું હતું. લખતર તાલુકાના વિઠ્ઠલગઢ, બાબાજીપરા, છારદ, ઓળક, કડુ, કળમ સહિતના ગામડાઓમાં ગાજવીજ સાથે વરસાદ ખાબકયો હતો. બીજી તરફ આ વરસાદના કારણે ખેડુતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. હાલ લખતર તાલુકામાં ખેતરોમાં તલ, કપાસ, અડદ, જુવાર, મગ જેવા પાકો તૈયાર છે ત્યારે આ વરસાદથી ખેડુતોને મોટા પ્રમાણમાં નુકશાન થવાની ભીતિ છે.

# Rain Overall-2

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, સાંજે છ વાગ્યે પુરા થતા ચાર કલાકમાં ગણદેવીમાં બે ઇંચ અને નવસારીમાં દોઢ ઇંચ વરસાદ પડ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લામાં પણ ગઇ કાલે સતત ત્રીજા દિવસે વીજળીના કડાકા સાથે વરસાદની શરૂઆત પડ્યો હતો. અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લામાં  અત્યાર સુધીમાં સરેરાશ ૧૧૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ ૧૫૭ ટકા વરસાદ છોટાઉદેપુર તાલુકામાં નોંધાયો છે .

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધ વિપુલ પુરોહિત જણાવે છે કે, ગોધરા પંથકમાં સાંજે ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. થોડાં  વિરામ બાદ રાત્રિના સાડા બાર વાગ્યે ફરી એક વાર ઝાપટાં શરૂ થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

દરમિયાન. હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાતનાં ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાનાં મોટા ભાગનાં સ્થળો અને સૌરાષ્ટ્રનાં સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, અમરેલી. ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ જિલ્લા અને કેન્દ્રશાસિત દિવમાં કેટલાંક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે.

---

- પીટીસી ભાવનગર, નવસારી, છોટા ઉદેપુર, પંચમહાલ, સુરેન્દ્રનગર, અનિલ પટેલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆત-ફરિયાદોના ઑનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આજે બપોરે સાડા ત્રણ વાગ્યે યોજાશે. આ માટે અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે સાડા આઠ વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી પોતાની રજૂઆત ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ- 2માં આવેલા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે.

---

- રીપીટ

# garib kalayan melo

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે બનાસકાંઠાના ડીસાથી ગરીબ કલ્યાણ મેળાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે. આ પ્રસંગે તેઓ 11 હજારથી વધુ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપશે.

અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે આ મેળામાં જિલ્લાના લાભાર્થીઓને 45.80 કરોડ ખર્ચે માનવ ગરીમા યોજના, કુંવરબાઈનું મામેરુ યોજના અને ડોક્ટર આંબેડકર આવાસ યોજના સહિતની વિવિધ યોજનાઓના લાભ મળશે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે આવતીકાલે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ગોધરામાં યોજાશે. મેળામાં લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના સહાય, ચેક અને સાધનો સહિતના લાભોનું વિતરણ કરાશે.

---

- પીટીસી બનાસકાંઠા, પંચમહાલ, કરણ -(NAVIN)

# irctc -garvi gujarat train

ગરવી ગુજરાત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનનો આગામી 1 ઓક્ટોબરથી પ્રારભ થશે. આ ટ્રેન દિલ્હીથી અમદાવાદ આવવા રવાના થશે. આ સુવિધા શરૂ થવાથી પ્રવાસીઓ ગુજરાતના મુખ્ય આધ્યાત્મિક અને વારસાના સ્થળોની મુલાકાત સરળતાથી લઈ શકશે.

ઉલ્લેખનીય છે કે આ ટ્રેનના રૂટમાં પ્રથમ વખત વડનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કીર્તિ તોરણ, હાટકેશ્વર મંદિર અને રેલ્વે સ્ટેશન પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણના કેન્દ્ર બની રહેશે. દેશવાસીઓને ભવ્ય ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વારસા સ્થળોની મુલાકત લઈ શકે તેવા ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા આ ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહયું છે.

ટ્રેનમાં AC-1, AC-2 અને AC-3 કેટેગરીના કોચમાં 150 પ્રવાસીઓ મુસાફરી કરી શકશે.હાલ 24 રાજ્યોમાં 180 થી વધુ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનો ચલાવવામાં આવી છે.

---

- અપર્ણા ખૂંટ કરણ

-(NAVIN)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

-------------------------------------------------------------------

- રીપીટ

# patan -dishaa committee

પાટણના સાંસદ ભરતસિંહજી ડાભીનાં અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે ડીસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ- દિશા સમિતિ ની બેઠક ગઇકાલે યોજાઈ ગઇ. બેઠકમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના અમલીકારણ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ હસ્તકની વિવિધ યોજનાઓની અને અન્ય વિભાગોની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પાટણ પીટીસી ,કરણ

-(NAVIN)